અપીલ અરજી નં.૩૪૮ તા.૧૫–૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખ
સામાવાળા:– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૯–૧૨–૦૯ ની અરજીથી ભાગાતળાવ જનતા માર્કેટ પાછળ આવેલા વોર્ડ નં.૧૦/૨૫૨૨/૨૩/૨૪વાળી મીલકતની નીચે બનાવેલ ગેરકાયદેસર દુકાનો દુર કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૮/૨૦૦૯–૧૦

શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૯–૧૨–૦૯ની અરજીથી ભાગાતળાવ જનતા માર્કેટ પાછળ આવેલા વોર્ડ નં.૧૦/૨૫૨૨/૨૩/૨૪ વાળી મીલકતની નીચે બનાવેલ ગેરકાયદેસર દુકાનો દુર કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૧૩૫૧ તા.૧–૧–૧૦થી આપેલ માહિતી ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૪ તા.૨૨–૧–૧૦ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી ભાગા તળાવ જનતા માર્કેટ પાછળ આવેલા વોર્ડ નં.૧૦ / ૨૫૨૨ /૨૩/૨૪ વાળી મિલ્કત અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૫૧ તા.૧–૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. ૧. વોર્ડ નં.૧૦/૨૫૨૨ /૨૩/૨૪ વાળી મિલ્કતની નીચે બનાવેલ ગેરકાયદેસર દુકાનો બનાવેલ છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં સદર મિલ્કતોમાં દુકાનો ગેરકાયદેસર બનાવ્યાની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર નથી. ૨. સદર જગ્યા પર ગેરકાયદેસર દુકાનોની બહાર દબાણો કરવામાં આવ્યા છે તે દબાણો કેમ દુર કરવામાં આવતું નથી.તેવા પ્રશ્નના ઉત્તરમાં ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. ૩. સદર મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર માં ગેરકાયદેસર દુકાનો બનાવેલ છે તે કયા કાયદા અનુસાર બનાવેલ છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં સદરહુ મિલ્કતમાં ગ્રા.ફલોરમાં ગેરકાયદેસર દુકાનો બનાવ્યાની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર નથી. ૪. સદર મિલ્કતની પાર્કીંગની જગ્યા કયાં છે તેની માહિતી. તેવા પ્રશ્નના ઉત્તરમાં મિલ્કતના મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર નથી. ૫. જનતા માર્કેટ પાછળની જગ્યા સંપાદન કરવામાં આવેલ જે જગ્યા પરના દબાણો કયારે દુર થશે. તેવા પ્રશ્નના ઉત્તરમાં ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે. આ રીતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી જણાવેલ છે કે રેકર્ડ ઉપરની માહિતી આપવાનું રહે છે ગેરકાયદેસર બાંધકામ થયું હોય અથવા થતું હોય તે રેકર્ડ ઉપર લેવામાં આવે છે. જેનો જવાબ માંગવો અને આરટીઆઈમાં સેકશનમાં લખેલું છે કે રેકર્ડ ઉપર હોઈ તેની જ માહિતી આપવી તે જ સેકશન નંબર જણવશો. અગર જો ગેરમાર્ગ દોરવાની કોશિશ કરી હોય તેવા જવાબદાર અધિકારી સામે પગલા લઈ અપીલ ચલાવવા રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારના મુદ્દા નં.૨ અને ૫ ની રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે પરંતુ તે અંગે અરજદારને રેકર્ડ આધારીત માહિતી જણાવેલ નથી. તથા મુદ્દા નં.૪ અંગે મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ ઉપર નથી તે બાબતે ઉપલબ્ધ નહીં હોવા બાબતે દફતરના નિકાલ કે નાશ બાબતની માહિતી પૂરી પાડવાની રહે અથવા બાંધકામ મંજુરી રજીસ્ટર આધારીત હકીકત જણાવવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૫ ની દફતરી ઉપલબ્ધ માહિતી તથા મુદ્દા નં.૪ અંગે મિલ્કતના મંજુર પ્લાની વિગતોના નાશ કે નિકાલની દફતરી ઉપલબ્ધ માહિતી અગર બાંધકામની મંજુરી રજીસ્ટર આધારીત હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખ,